**ગુજરાત વિધાનસભા ગૃહની આજે સવારની બેઠકમાં**

# જિલ્લાના ૧૧ થી વધુ પ્રશ્નો સભ્યો દ્વારા રજુ કરાયા હતા

**● અનાજના જથ્થાનું વિતરણ**

ગાંધીનગર (દ)ના ભાજપના ધારાસભ્ય શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં અનાજના જથ્થાના વિતરણને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પુરવઠામંત્રીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ની રાજ્યમાં અમલવારી ૧-૪-૧૬ થી કરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લામાં તા. ૧-૭-૧૭ થી ૩૦-૬-૧૮ સુધી આ કાયદા હેઠળ ૪૪૬૨૭.૧૪૧ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

ઘઉં રૂ. બે ના ભાવે કિલો અને ચોખા રૂ. ૩ ના કિલોના ભાવે વિતરણ કરવામાં આવ્યા છે.

**● માણસા-કલોલના તળાવો**



**વિધાનસભામાં ગાંધીનગર**

**- પ્રકાશ જહા**

માણસાના કોંગીના ધારાસભ્ય સુરેશભાઈ પટેલે માણસા-કલોલ તાલુકાના તળાવો નર્મદાના પાણીથી ભરવાની કામગીરી અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં જળસંપત્તિ મંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૭-૧૮ની સ્થિતિએ આ બે તાલુકાના ૪૦ તળાવ ભરવાનું આયોજન કરવામાં આવેલ છે.

તેમણે જણાવ્યુ હતુ કે માણસા તાલુકામાં લોદરા ગામનું અંધેરી તળાવ જોડાણની કામગીરી પ્રગતિ હેઠળ હોવાથી વર્ષ ૨૦૧૬-૧૭માં ભરાયેલ નહિ જેને ૨૦૧૭-૧૮માં ભરવામાં આવેલ છે.

માણસા તાલુકામાં વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં માણસાનું ચંદ્રાસણ તળાવ પાઈપલાઈનથી જોડાયા બાદ માણસા નગરપાલિકા દ્વારા તેમની અનુકૂળતા મુજબ પાઈપલાઈન શિફરીંગ કરવાનું હોવાથી તેમના દ્વારા આ કામગીરી પૂર્ણ થયેલ નથી. આ કામગીરી પૂર્ણ થયેથી તળાવમાં પાણી ભરવામાં આવશે.

આજ પ્રમાણે કલોલ તાલુકામાં વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રતાપપુરા ગામનું રાવલા તળાવ પાણીની માંગણી ના હોવાના કારણે ભરવામાં આવેલ નથી. મંત્રીએ જણાવ્યુ છે કે ધરોઈ-પિયજ પાઈપલાઈન મારફતે ૨૦૧૬માં આ ૪૦ તળાવોમાં ૮૧૩ એમસીએફટી અને ૨૦૧૭-૧૮માં ૨૬૯ એમ.સી.એફ.ટી. પાણી ભરવામાં આવેલ.

**● એફ.એસ.આઈ. વધારવા દરખાસ્ત**

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ગાંધીનગર શહેરમાં ૩૦-૬-૧૮ની સ્થિતિએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ કાયદો ૧૯૭૬ની કલમ ૨૯/૧ હેઠળ એફ.એસ.આઈ. વધારી વધુ માળ બાંધવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી તેવા પુછેલા પ્રશ્નના ઉત્તરમાં શહેરી વિકાસ મંત્રીએ જણાવ્યું છે કે આવી જ કોઈ અરજી તંત્રને મળી નથી.

**● ઝોન ફેરની મંજૂરી**

મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે ગાંધીનગર શહેરમાં ૩૦-૬-૧૮ની સ્થિતિએ ઝોન ફેરની મળેલ અરજીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે આવી ઝોન ફેરની કોઈ અરજી ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળને મળી નથી.

● અનુસંધાન પાન-૭ પર



કોંગી ધારાસભ્યોની સાઈકલ રેલી - પેટ્રોલ-ડીઝલના વધતા ભાવ સામે વિરોધ વ્યક્ત કરવા કોંગ્રેસના ધારાસભ્યો સેક્ટર-૨૧ એમ.એલ.એ. ક્વાટર્સથી વિધાનસભા સંકુલ સાઈકલ પર પહોંચ્યા હતા... વિધાનસભા વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણી અને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાના નેતૃત્ત્વમાં યોજાયેલ સાઈકલ રેલીમાં ધારાસભ્યો ભાવવધારા વિરોધી સૂત્રોના બેનર સાથે નિકળ્યા હતા...

# ધારાસભ્યોના 'અચ્છે દિન'

**ધારાસભ્યો સહિત પદાધિકારીના પગાર-ભથ્થામાં જંગી વધારો થયો : ધારાસભ્યોને નાયબ સચિવની સમકક્ષ મૂળ પગાર મળશે : ધારાસભ્યોના પગાર ભથ્થા ૭૦૭૨૭થી વધી ૧૧૬૩૧૬ થશે : ધારાસભ્યોનું દૈનિક ભથ્થુ ૨૦૦ રૂપિયાથી વધારી હવે ૧૦૦૦ કરાયું : પ્રદિપસિંહ જાડેજા**

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં ધારાસભ્યો સહિત વિધાનસભાના પદાધિકારીઓના પગાર ભથ્થામાં ઉલ્લેખનીય વધારો કરવામાં આવ્યો છે. દિવાળી પહેલા જ ધારાસભ્યો અને પદાધિકારીઓની દિવાળી આવી ગઈ છે. ધારાસભ્યોને હવેથી નાયબ સચિવની સમકક્ષ મૂળ પગાર મળશે. ધારાસભ્યોના પગાર ભથ્થા ૭૦૭૨૭થી વધીને ૧૧૬૩૧૬ થઈ ગયા છે. ધારાસભ્યોનું દૈનિક ભથ્થુ ૨૦૦ રૂપિયાથી વધારીને ૧૦૦૦ કરવામાં આવ્યો છે. પગાર વધારાનો અમલ વિધાનસભાની રચના થયાની તારીખથી મળવા પાત્ર થશે. ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ, મંત્રીઓ, વિરોધપક્ષના નેતાઓ સહિતના પદાધિકારીઓના પગાર – ભથ્થા સુધારા વિધેયકને સર્વાનુમતે મંજૂરી મળતા હવેથી ધારાસભ્યોને સરકારના નાયબ સચિવ કક્ષાના વર્ગ-૧ના અધિકારીને સમકક્ષ મૂળ પગાર મળવાપાત્ર થશે. જ્યારે અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ, મંત્રીઓ, વિરોધપક્ષના નેતાઓ સહિતના અન્ય પદાધિકારીઓને ધારાસભ્યોને મળવાપાત્ર મૂળ

● અનુસંધાન પાન-૭ પર

# હુ વિધવા છું, વૃધ્ધ છુ.. મોંધવારી નડે છે... મને પેન્શન આપો

**માત્ર ગુજરાતમાં જ પુર્વ ધારાસભ્યોને પેન્શન મળતુ નથી : સરકારે આ અંગે વિચારણા કરી પેન્શન સહીતના લાભો આપવા જોઇએ : ચંદ્રાબેન શ્રીમાળી**

ગાંધીનગર તા ૧૯

હુ ..પણ એક વિધવા અને વૃધ્ધ છુ..પુર્વ ધારાસભ્ય છુ.. મને પણ મોંધવારી નડે છે. આર્થિક સહાય મળવી જોઈએ. દરેક પુર્વ



ધારાસભ્ય માલેતુજાર નથી હોતા..સરકારે પ્રવર્તમાન ધારાસભ્યોના પગાર ભથ્થામાં વધારાની જાહેરાત કરી આનંદની વાત છે.પરંતુ પુર્વ ધારાસભ્યને પણ પેન્શનનો લાભ આપવો જોઈએ તેવી લાગણી અને માંગણી પુર્વ ધારાસભ્ય ડો ચંદ્રાબેન એસ શ્રીમાળીએ રજુ કરી છે.ગુજરાત સિવાય દેશના તમામ રાજયોમાં પુર્વ ધારાસભ્યોને પેન્શન તેમજ અન્ય લાભો મળે છે. ત્યારે વધતી મોંઘવારી ગુજરાતના પુર્વ ધારાસભ્યો માટે પણ દોઝખ બની રહી છે. આ પુર્વ ધારાસભ્યોની આર્થિક સ્થિતિનો સર્વે કરાવીને જરૂરિયાત મુજબ પેન્શન આપવાની યોજના અમલી બનાવવી જોઈએ. પુર્વ ધારાસભ્યો પાસે ગરીબી રેખા નીચે જીવતી મહીલાઓ પણ પોતાની સમસ્યાને અનુલક્ષીને મુલાકાતે આવતી હોય છે. ત્યારે ધારાસભ્ય રહી ચુકેલા આ સભ્યોએ પણ સમાજ સેવામાં જોડાયેલા રહેવુ પડે છે. જયારે આ સ્થિતિ વચ્ચે કોઇ રોજગારી પણ ઉપલબ્ધ થતી નથી. જેને ધ્યાને લઈ સરકારે પુર્વ ધારાસભ્યોને પેન્શન સહીતના આર્થિક લાભો આપવા જોઈએ તેમ પણ તેમણે રજુઆતમાં જણાંવ્યુ છે.

# જિલ્લામાં સ્વાઈન ફલુના વધુ ચાર કેસ નોંધાયા તંત્રએ સર્વેલન્સની કામગીરી સઘન બનાવી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લામાં આજે સ્વાઈન ફલુના વધુ ૪ કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધીને ૧૩૫૨ પહોંચી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી આ રોગના દર્દીઓ મળી રહ્યા છે. જે ૪ કેસ મળી આવ્યા છે તેમાં બોરીસણા, સઈજ, છાલા અને માણેકપુર (માણસા)નો સમાવેશ થાય છે.

જિલ્લામાં સ્વાઈન ફલુના મળેલા ૪ કેસના દર્દી પુરુષ છે અને તે ૪૦ થી ૫૭ વર્ષની આયુ ધરાવે છે. ચારેય દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રાખવામાં આવેલ છે. જયા દર્દીઓની સ્થિતિ સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે અત્યાર સુધીમાં સ્વાઈન ફલુને કારણે બે દર્દીના મોત થયા છે.

જિલ્લામાં સ્વાઈન ફલુના વધતા જતા કેસોને પગલે હરકતમાં આવેલા આરોગ્ય તંત્રએ તેની સર્વેલન્સની કામગીરી સઘન બનાવવાના આદેશો જારી કરી દીધા છે.

જિલ્લામાં સ્વાઈન પ્લુના થયેલા પગપેસારાને પગલે લોકોમાં પણ ભયની લાગણી પ્રસરી જવા પામી છે. તંત્ર દ્વારા સ્વાઈન ફલુને લઈ જનજાગૃતિ માટે અભિયાન હાથ ધરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

# શહેરના ઘ-૬થી ગ-૬ માર્ગ આસપાસના રહેણાંકમાં હેતુફેરના ૮૦ કિસ્સામાં નોટીસ

**રવિવાર સુધીમાં દુકાનો બંધ કરી દેવા તંત્રનુ અલ્ટીમેટમ : બે બેંક સહીત એક હોસ્પિટલનો પણ સમાવેશે : સોમવારથી સીલ કરવાની કાર્યવાહી હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં હાલ દબાણ અને હેતુફેરનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. તંત્ર દ્વારા હાથ ધરાયેલી દબાણ ઝુંબેશના અંતે વેપારી આલમમાં ફફડાટ પ્રવર્તયો છે. જયારે હેતુફેરના કિસ્સામાં તંત્રની નોટીસના અંતે વેપારીઓએ શટર તોડીને સામાન ખાલી કરવાનુ પણ શરૂ કરી દીધુ છે. જયારે સેકટરોમાં સ્થિત રહેણાંકમાં કોર્મશિયલ પ્રવૃતિને જડમુળમાંથી ડામવા માટે તંત્ર દ્વારા હજુ પણ નોટીસ આપવાનુ જારી છે. આજે પણ નગરના ઘ-૬ થી ગ- ૬ માર્ગ આસપાસ સ્થિત રહેણાંક વિસ્તારમાં ધમધમતી ૮૦ જેટલા એકમોને દુકાનો બંધ કરી દેવા નોટીસ આપવામાં આવી છે. તંત્ર દ્વારા આ દુકાનોને રવિવાર સુધીનુ અલ્ટીમેટમ આપવામાં આવ્યુ છે. સોમવારથી તંત્ર દ્વારા દુકાનો સીલ કરવાની કાર્યવાહી હાથ ધરાશે.

શહેરમાં વેપારીઓને દબાણ દુર કરવા ઉપરાંત હેતુફેરના કિસ્સામાં દુકાનો ખાલી કરી દેવા માટે તંત્ર દ્વારા સુચના આપવામાં આવી રહી છે. જયારે આ મામલે સે-૧ માં તંત્ર દ્વારા દુકાનો સીલ કરવા સુધીના પગલા લેવા માટે પણ તંત્રએ કામગીરી હાથ ધરી છે. હજુ પણ આગામી દિવસોમાં દુકાનો સીલ કરવા માટે કાર્યવાહી હાથ ધરાશે. જયારે દુકાનો સીલ કરવાની સાથે અન્ય સેકટરોમાં તેમજ નગરના વિવિધ માર્ગોને અડીને આવેલા રહેણાંક વિસ્તારમાં પણ કોર્મશિયલ દુકાનો ધમધમતી હોવાથી આ દુકાનધારકોને પણ તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી છે. ગઈકાલે પણ સે-૨૦ માં તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી હતી. જયારે આજે પણ નગરના ઘ- ૬ થી ગ-૬ માર્ગ પર રૂટમાં આવતી ૮૦ જેટલી દુકાનોને નોટીસ આપવામાં આવી હતી. જયારે આ રૂટમાં માર્ગ પર આસપાસ સ્થિત રહેણાંક વિસ્તારમાં ધમધમતી દુકાનોને આગામી રવિવાર સુધીમાં કોર્મશિયલ પ્રવૃતિ બંધ કરી દેવા માટે તંત્ર દ્વારા અલ્ટીમેટમ આપવામાં આવ્યુ છે. આ રૂટમાં એક હોસ્પિટલ તેમજ અન્ય બે બેંકોનો પણ સમાવેશ થાય છે. તંત્ર દ્વારા આ બેલ્ટમાં દુકાનદારોને નોટીસ આપી ત્વરિત કોર્મશિયલ પ્રવૃતિ બંધ કરી દેવા માટે પણ જણાંવ્યુ છે. તંત્રના જણાંવ્યા મુજબ આગામી સોમવારથી દુકાનોમાં કોર્મશિયલ પ્રવૃતિ બંધ નહીં કરવામાં આવી હોય તો સીલ કરી દેવાશે.

## નલિન કોટડિયા દ્વારા જામીન અરજી

**૨૫મીએ સુનાવણી**

અમદાવાદ, તા.૧૯

રાજયભરમાં ભારે ખળભળાટ મચાવનારા બિટકોઈન કૌભાંડમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાએ આખરે અત્રેની સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી છે, જેની સુનાવણી તા.૨૫મી સપ્ટેમ્બરે હાથ ધરાય તેવી શકયતા છે.

ચકચારભર્યા બિટકોઈન કૌભાંડમાં આરોપી પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાએ કરેલી જામીનઅરજીમાં એવો બચાવ રજૂ કર્યો છે, અરજદારને ખોટી રીતે આ કેસમાં સંડોવી દેવાયા છે કે જયારે તેમની વિરૂધ્ધમાં કોઈ પ્રથમદર્શનીય પુરાવો કે કડી તપાસનીશ એજન્સી પાસે નથી.

આ સંજોગોમાં અરજદારને શરતી જામીન પર કોર્ટે મુકત કરવા જોઈએ. કોટડિયા તરફથી અદાલત દ્વારા જામીન માટે જે શરતો નક્કી કરાય તેના પાલન માટેની પણ તૈયારી બતાવાઈ હતી.

Free Entry
Pretty Women's Club
Organized
Grand Navratri & Lifestyle Exhibition Cum Sale
20th & 21st September 2018
Inauguration by
B.K Kailash Didi
Smt. Smita Krishnakant Jha
Gandhinagar Samachar
Shilpa Desai - 94286 92676 • Daxa Jadav - 98790 57978
Uma Samaj Bhavan, Near Balram Bhavan, Opp. Court Building, Sector-12, Gandhinagar

ડો. કિરીટ એસ. પટેલ
સેક્ટર-૨૭, ગાંધીનગર
તા. ૨૦/૯/૨૦૧૮થી તા. ૨૭/૯/૨૦૧૮ સુધી મળશે નહિ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com